# ગુજરાત યુનિ. સેનેટની ચૂંટણી પાંચ બેઠક NSUI ત્રણ બેઠક ABVPને

## કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ NSUI મેદાન મારી ગઈ : નરહરિ અમીનની મહેનત કામ ન લાગી

અમદાવાદ, તા. ૨૬

ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીની સેનેટની આઠ બેઠકો માટે ગત ૨૪મીએ મતદાન યોજાયું હતું. તેની મતગણતરી આજે બપોરે ૩.૦૦ વાગ્યાથી સેનેટ હોલમાં હાથ ધરવામાં આવી છે. જેમાં પરિણામ જાહેર થતાં એનએસયુઆઈએ કુલ આઠમાંથી પાંચ બેઠકો મેળવી હતી. જ્યારે એબીવીપીને ત્રણ જ બેઠકોથી સંતોષ માનવો પડ્યો છે. સરકાર દ્વારા સમગ્ર મશીનરી તથા સિન્ડીકેટ સભ્યો અને કુલપતિ સહિત દરેક આ ચૂંટણી જીતવા ખૂબ જ મહેનત કર્યા છતાં આજે એબીવીપીને ત્રણ જ બેઠકો મળતા તેને ભારે ફટકો પડ્યો છે.

ગુજરાત યુનિવર્સિટીની વિદ્યાર્થી સેનેટની કુલ ૧૦ બેઠકોમાંથી મેડિકલની બેઠક પહેલા જ બિનહરીફ જાહેર થઈ હતી. જ્યારે ડેન્ટલની બેઠકનું ફોર્મ રદ થતા આખરે કુલ દસમાંથી આઠ બેઠકો માટે ગત ૨૪મીને રવિવારે મતદાન યોજાયું હતું.

આ મતદાન અમદાવાદના ચાર કેન્દ્રો પર તથા બહારગામના ૪૬ કેન્દ્રો પરથી થયું હતું. જેમાં અંદાજે ૭૫ ટકા મતદાન થતાં બંને જુથ એબીવીપી અને એનએસયુઆઈ દ્વારા વધુ બેઠકો મેળવશે તેવો દાવો કરવામાં આવ્યો હતો. આ ચૂંટણીની મતગણતરી આજે બપોરે ૩.૦૦ વાગ્યા પછી સેનેટ હોલમાં યોજાઈ હતી. આ ચૂંટણીમાં એનએસયુઆઈને પાંચ બેઠકો તથા એબીવીપીને ત્રણ બેઠકો મળી છે. એનએસયુઆઈને જે પાંચ બેઠકો મળી જેમાં પી.જી. સાયન્સમાં પ્રવિણ વણોદ, પી. જી. કોમર્સમાં હસમુખ સોલંકી, લૉ માં અનિકેત ટીંબલીયા, બી.એડ.માં વિક્રમ સોલંકી અને યુ. જી. આર્ટસમાં સિદ્ધાર્થ ચૌહાણ વિજેતા થયા છે. જ્યારે એબીવીપીને મળેલી ત્રણ બેઠકોમાં પી. જી. આર્ટસમાં સિદ્ધરાજ ચાવડા, યુ.જી. સાયન્સ નિધિ દવે અને યુ. જી. કોમર્સમાં જિનિત શાહ વિજેતા થયેલ છે.

આજે બપોરે મતગણતરી શરૂ થતાં બંને જુથો ડી. જે. ઢોલ નગારા અને ફટાકડા સાથે મતગણતરીના સ્થળે હાજર થઈ ગયા હતા. જેમાં બંને જૂથો વચ્ચે ઘર્ષણ પણ થયું હતું. આ ચૂંટણીમાં બંને જૂથ દ્વારા વધુ બેઠકો મળશે એવો દાવો કરાયો હતો.

અત્રે યાદ રહે કે નરહરી અમીનના ભાજપમાં જોડાયા બાદ આ ચૂંટણીના સંદર્ભમાં ચૂંટણી પહેલા તેમના નિવાસે સિન્ડીકેટ સભ્યોની બેઠક મળીહતી. તેના પરથી એવીબીપી વધુ બેઠકો મેળવશે તેવો અંદાજ લગાવવામાં આવી રહ્યો હતો. અને એવીબીપી દ્વારા બેઠકો મળશે તેવો દાવો પણ કરવામાં આવ્યો હતો. સરકાર દ્વારા મશીનરી કામે લગાડી દેવામાં આવી હતી.

જેમાં ભાજપના સિન્ડીકેટ સભ્યો નરહરિ અમીન તથા ખુદ કુલપતિ આદેશપાલ પણ આ માટે સખત મહેનત કરી હતી. જેનાથી એવીબીપીને વધુ બેઠકો મળશે તેવું લાગી રહ્યું હતું ત્યારે આજે આ બધા વચ્ચે એનએસયુઆઈ દ્વારા પાંચ બેઠકો મેળવતા એવીબીપી તથા ભાજપ અને કુલપતિને ભારે આંચકો આપ્યો છે. અને એનએસયુઆઈએ ફરી એક વખત યુનિ.માં પોતાનું વર્ચસ્વ પ્રસ્થાપિત કર્યું છે.

# કેસર કેરી બજારોમાં વહેલી આવશે, ભાવ ઓછા થશે

## માવઠુ છતાં જૂનાગઢ જિલ્લામાં કેસર કેરીના ઝાડ પર બમ્પર ફૂલો આવ્યા : ૨૦ દિવસ વહેલા કેરી આવશે

ગાંધીનગર, તા. ૨૬

ચાલુ વર્ષે ગુજરાતમાં કેરીનો મબલખ પાક ઉતરે તેવી સંભાવના છે. ખાસ કરીને કેસર કેરીનો બમ્પર પાક થાય તે માટેના તમામ સાનુકૂળ સંજોગો સર્જાયા છે. એપ્રિલના બીજા સપ્તાહથી વિશ્વ પ્રસિદ્ધ કેસર કેરી બજારમાં આવી જશે.

તાજેતરમાં થયેલા માવઠા અને હવામાનમાં થયેલા ફેરફારોને કારણે કેસર કેરીના ચાહકોમાં એવી ભિતિ ઉભી થઈ હતી કે કેસર કેરીના પાકને નુકશાન થશે પરંતુ આ ભિતિની વિરૂદ્ધ જૂનાગઢના કેરી પકવતા વિસ્તારોમાં કેસર કેરીનો બમ્પર પાક થશે. હાલ ઝાડ ઉપર ફૂલ અને નાની-નાની કેરીઓ આવી ગઈ છે. કેસર કેરી પકવતા ખેડૂતો કહે છે કે આ વર્ષે છ વર્ષમાં સૌથી વધુ પાક ઉતરે તેવી શક્યતા છે.

કોડીનાર તાલુકાના વલાતર ગામના કેસર કેરી પકવતા ખેડૂત મેનસી સારીયા કહે છે કે આ વર્ષે અલગ અલગ સમયે ત્રણ વખત ફૂલ આવ્યા છે અને તેનું પ્રમાણ પણ વધુ છે. જેના પરથી નિર્દેશ મલે છે કે આ વર્ષે વધુ પાક ઉતરશે. સરેરાશ એક ઝાડમાં ૨૦૦ કિલો કેરી મળે છે. જે આ વર્ષે ૨૫૦ કિલોથી વધુ મળશે. અન્ય એક ખેડૂત કહે છે કે હાલ વાતાવરણ સાનુકૂળ છે અને તે આગામી દિવસોમાં પણ સાનુકૂળ રહેશે તેથી આશા છે કે આ વખતે કેસર કેરીનો પાક ૨૦ ટકા વધુ આવશે. કૃષિ નિષ્ણાંતો કહે છે કે આંબા ઉપર વહેલા ફૂલ આવવાનું કારણ વરસાદની ખાધ ગણી શકાય કારણ કે જૂનાગઢમાં ચાલુ વર્ષે માત્ર ૪૭ ટકા જ વરસાદ પડ્યો છે. ઓછા વરસાદને કારણે ફળમાં રહેલ કાર્બનનો ભાગ નાઈટ્રોજન કરતા વધે છે. આથી ફૂલ વધે છે. જો હવામાન આવુ જ રહે તો કેરીના પાકમાં ૧૫થી ૨૦ ટકાનો વધારો થવાની શક્યતા છે.

તાલાળા યાર્ડના સેક્રેટરી એચ.એચ. જારસણીયા કહે છે કે એપ્રિલના બીજા સપ્તાહથી કેરી આવવાનું શરૂ થશે. દર વખત કરતા ૨૦ દિવસ વહેલી કેરી બજારમાં આવશે.

### બજારોમાં હાફુસ કેરીનું આગમન

ફળોના રાજા કેરીનું માર્કેટમાં આગમન થઈ ચુક્યુ છે. હાલ માર્કેટમાં હાફુસ કેરીની આવકો થઈ રહી છે. રત્નાગીરી અને બેંગ્લોરથી હાફુસ કેરી આવી રહી છે. અમદાવાદના બજારોમાં હાલમાં ત્રીસેક પેટીની આવક થઈ છે. આવક ઓછી હોવાથી ભાવ પણ ૪૦૦ થી ૬૦૦ રૂ. જેટલો ઉંચો છે. આવકો વધતા સ્વાભાવિક રીતે જ ભાવો ઘટશે. હાલમાં માર્કેટમાં રત્નાગિરિ, દેવગઢ, લણબાગ, સુંદરી જેવી જાતોની હાફુસનુ આગમન થયું છે.

# છેલ્લા એક સપ્તાહમાં બોર્ડના ૩ વિદ્યાર્થીઓની આત્મહત્યા

## બોર્ડની પરીક્ષાને લઈ વિદ્યાર્થીઓમાં માનસિક ટેન્શન વધ્યુ

## વધુ એક વિદ્યાર્થીએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી

અમદાવાદ, તા.૨૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરિક્ષાને આડે હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યાં છે. પરંતુ જેમ-જેમ આ પરિક્ષા નજીક આવતી જાય છે તેમ-તેમ પરિક્ષાને લઈ વિદ્યાર્થીઓમાં તણાવ વધી રહ્યો છે. અમદાવાદમાં આ તણાવને લઈ આજે વધુ એક વિદ્યાર્થીએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. જેની સાથે છેલ્લા એક સપ્તાહની અંદર અમદાવાદમાં બોર્ડની પરિક્ષા આવી રહેલા આ ત્રીજા વિદ્યાર્થીએ આત્મહત્યા કરી લીધી છે. જેને લઈ શિક્ષણજગતમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. અમદાવાદના ધોરણ-૧૨મા અભ્યાસ કરતાં અને અસારવાની જિનિંગ મિલની ચાલીમાં રહેતા સચીન પરમાર નામના વિદ્યાર્થીએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવની તપાસ કરતા જાણવા મળ્યું છે કે, સચિન ધોરણ ૧૨નો વિદ્યાર્થી હતો. ધોરણ ૧૨ની પરિક્ષા ૭ માર્ચથી શરૂ થઈ રહી છે. જેને લઈ સચિન છેલ્લા કેટલાક દિવસોથી સતત તણાવમાં હતો અને આ તણાવગ્રસ્ત સ્થિતીમાંથી મુક્તિ મેળવવા તેણે આત્મહત્યાનું પગલું ભર્યું હતું. આ અંગે સચિનના પિતા મુકુંદભાઈએ જણાવ્યું હતું કે, સચિન પરિક્ષાના પરિણામને લઈ ચિંતિત હતો. છેલ્લા કેટલાક દિવસથી તે સતત તણાવમાં રહેતો હતો.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક સપ્તાહમાં અમદાવાદમાં બોર્ડના આ ત્રીજા વિદ્યાર્થીએ આત્મહત્યા કરી છે. આ પહેલા ૧૭ ફેબ્રુઆરીએ નિધી નિરંજનભાઈ મહેતા નામની ધોરણ ૧૦મા અભ્યાસ કરતી વિદ્યાર્થીનીએ પરિક્ષાના માનસિક તણાવને લઈ આત્મહત્યા કરી હતી. જ્યારે તારીખ ૨૩મી ફેબ્રુઆરીએ શહેરના ઈસનપુર વિસ્તારમાં રહેતી ધોરણ ૧૨ની વિદ્યાર્થિનીએ પરિક્ષાની ચિંતાને લઈ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આમ, અમદાવાદમાં એક સપ્તાહમાં ત્રણ વિદ્યાર્થીઓએ બોર્ડની પરિક્ષાના માનસિક તણાવને લઈ આત્મહત્યા કરી લેતા અમદાવાદ શહેરમાં ચકચાર મચી જવા પામી છે.



ઈસનપુર ઘોડાસરમાં વહેલી સવારે એક સોસાયટીના ઘણા બાઈકોને અજાણ્યા તત્વોએ સળગાવી દીધા હતા.

# છેલ્લાં ૧ વર્ષમાં સીંગતેલમાં ડબ્બે ૫૩૦ રૂપિયાનો વધારો

## કપાસીયા તેલમાં પણ રૂપિયા ૬૦નો ઉછાળો : રાજ્યના નાગરિક પુરવઠા મંત્રીએ વિધાનસભામાં માહિતી આપી

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત વિધાનસભામાં આજે રાજ્યના નાગરિક પુરવઠા મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ છેલ્લા એક વર્ષમાં સીંગતેલના ભાવમાં ડબ્બે રૂા.૫૩૦નો તથા કપાસીયા તેલમાં ડબ્બે રૂા.૬૦નો વધારો થયો હોવાની સત્તાવાર કબુલાત કરી હતી. વિધાનસભામાં આજે વિજાપુરના ધારાસભ્ય પ્રહલાદભાઈ પટેલના એક પ્રશ્નના લેખિત જવાબમાં સીંગતેલ તથા કપાસીયા તેલના ભાવ વધારાની વિગતો નાગરિક પુરવઠા મંત્રીએ રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, તા.૧ જાન્યુઆરી ૨૦૧૨થી ૩૧મી ડિસેમ્બર ૨૦૧૨ દરમિયાન સીંગતેલ તથા કપાસીયા તેલના ૧૫ કિલોના ડબ્બે માસવાર જુદા-જુદા તબક્કે ભાવ વધારો થયો હતો. ખાદ્યતેલના વધતા જતા ભાવોને અંકુશમાં રાખવા રાજ્ય સરકારે લીધેલા પગલાની વિગતો રજૂ કરતાં તેમણે જણાવ્યું હતું કે, તપાસણી તંત્ર દ્વારા ખાદ્યતેલ-ખાદ્યતેલીબિયાના ઉત્પાદકો તેમજ વિક્રેતાઓની ૧૬૦૩ તપાસ કરી રૂા.૩૯૪.૭૪ લાખની કિંમતનો ખાદ્યતેલ-ખાદ્યતેલીબિયાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો અને રૂા.૪૬.૭૭ લાખની કિંમતનો ખાદ્યતેલ તથા તેલીબિયાનો જથ્થો રાજયસાત કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા પગલાથી સીંગતેલ અને કપાસીયા તેલનો સતત ભાવ વધારો અંકુશમાં રાખવામાં આવ્યો હોવાનો પણ નાગરિક પુરવઠા મંત્રીએ દાવો કર્યો હતો.

વડીલોને વંદન

અભિનંદન



નિર્મલાબેન વી. નાયક

(૧૯૪૩) ફોનઃ ૨૩૨૨૬૫૪૬

# વિઠ્ઠલ રાદડીયા તેમજ તેમના પુત્રના રાજીનામાનો સ્વીકાર

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ વાળાએ આજે કોંગ્રેસના બે ધારાસભ્યો વિઠ્ઠલ રાદડીયા તથા જયેશ રાદડીયાના રાજીનામાનો સ્વીકાર કર્યો હોવાની ગૃહમાં જાહેરાત કરી હતી.

અધ્યક્ષ વજુભાઈ વાળાએ આજે ગૃહમાં પ્રશ્નોત્તરી કાળની સમાપ્તિ બાદ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ગઈકાલે તા. ૨૫મી ફેબ્રુઆરીના દિવસે ધોરાજીના ધારાસભ્ય વિઠ્ઠલ રાદડીયા તથા તેમના પુત્ર ધારાસભ્ય જયેશ રાદડીયાએ તેમના રાજીનામાના પત્ર મને સુપ્રત કર્યા હતા જેનો મેં સ્વીકાર કર્યો છે અને આ બન્ને ધારાસભ્યોના રાજીનામા તા. ૨૫મી ફેબ્રુઆરી બપોરથી અમલમાં આવે તે રીતે મંજૂર કર્યા છે. અત્રેએ ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભાની ચુંટણી દરમિયાન કોંગ્રેસ પક્ષે ગુજરાતના સાંસદોને વિધાનસભાની ચુંટણી લડવા ટિકિટો આપી હતી જેમાં પોરબંદરના સંસદસભ્ય વિઠ્ઠલ રાદડીયાને ધોરાજીની બેઠક પરથી વિધાનસભાની ચુંટણી લડવા ટિકિટ આપી હતી. તેવી જ રીતે સુરેન્દ્રનગરના સાંસદ સોમાભાઈ ગાંડાભાઈ પટેલને લીંબડીની બેઠક પરથી તથા રાજકોટના સાંસદ કુંવરજી બાબળીયાને ધંધૂકાની બેઠક પરથી વિધાનસભાની ચુંટણી લડવા ટિકિટ આપી હતી.

આ ત્રણ સાંસદો પૈકી વિઠ્ઠલ રાદડીયા અને સોમાભાઈ ગાંડાભાઈ પટેલ વિધાનસભાની ચુંટણી જીત્યા હતા. જ્યારે કુંવરજી બાબળીયા ધંધુકાની બેઠક પરથી વિધાનસભાની ચુંટણી હાર્યા હતા. કોંગ્રેસના હાઈકમાન્ડે વિધાનસભાની ચુંટણીના પરિણામ બાદ ચુંટણી જીતેલા બન્ને સાંસદો વિઠ્ઠલ રાદડીયા તથા સોમાભાઈ પટેલને ધારાસભ્યપદેથી રાજીનામું આપી સંસદ સભ્યનું પદ યથાવત રાખવા આદેશ કર્યો હતો. જેમાં સોમાભાઈએ ધારાસભ્ય પદનો અસ્વીકાર કરી સંસદ સભ્યપદ યથાવત રાખ્યું હતું. પરંતુ વિઠ્ઠલ રાદડીયાએ તેમનું વિધાનસભા વિરોધપક્ષના નેતા બતાવવાની જીદ પકડી પક્ષના હાઈકમાન્ડના આદેશની વિરુદ્ધ સાંસદપદને ઠુકરાવી ધારાસભ્ય પદનો સ્વીકાર કર્યો હતો. જો કે વિઠ્ઠલ રાદડીયાને તેમની માંગણી અને જીદ મુજબ કોંગ્રેસ અર્થી વિપક્ષના નેતા નહિ બનાવતા તેઓ છેલ્લાં કેટલાય સમયથી કોંગ્રેસ પક્ષથી ભારે નારાજ જોવા મળતા હતા અને કોંગ્રેસને સબક શીખવાડવા તેમણે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથે સંપર્કો વધારી દીધા હતા અને ભાજપમાં જોડાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

# ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ બિલ ગૃહમાં અટક્યુ

અમદાવાદ, તા.૨૬

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે સિંચાઈ મંત્રી બાબુભાઈ બોખારીયાએ ચર્ચા માટે કરેલા ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક ૨૦૧૩ સામે કોંગ્રેસના ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂત અને પરેશ ધાનાણી વગેરે અતિ ઉગ્ર પ્રતિક્રિયા વ્યક્ત કરી આ વિધેયકમાં નહેર અધિકારી વગેરેને અપાયેલી વિશાળ સત્તા સામે કોંગ્રેસના સભ્યોએ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. અધિનિયમ હેઠળ કરેલા કોઈ પણ નિયમનું ઉલ્લંઘન કરે અથવા તો ભંગ કરે તો તે વ્યક્તિને આવા ગુના બદલ ત્રણ મહિના સુધીની મુદતની કેદની અથવા પાંચ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તો શિક્ષા કરવાની જોગવાઈ સામે કોંગ્રેસના સભ્યોએ આ વિધેયકને ખેડૂત વિરોધી અને ખેડૂતોને ભયમાં રાખનારું ગણાવ્યું હતુ. કોંગ્રેસના ભારે વિરોધને કારણે આજે આ વિધેયક ગૃહમાંથી પસાર થઈ શક્યુ ન હતું. સિંચાઈ મંત્રી બાબુ બોરારીયાએ રજુ કરેલા આ વિધેયકના મુખ્ય મુદ્દાઓમાં આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે રાજ્ય સરકાર જાહેરનામાથી ઓવરસિયરના દરજ્જાથી ઉપરના દરજ્જાની નહોય અથવા અધિક મદદનીશ ઈઝનેર હોય તો અધિકારીની નહેર - અધિકારી તરીકે નિમણૂંક કરશે. અને તેમને આ અધિનિયમ હેટળ રાજ્ય સરકાર યોગ્ય ગણે તેવી સત્તા અને ફરજોથી સોંપણી કરી શકશે અને તેમના હુકમનો વિસ્તાર પણ નિર્દિષ્ટ કરી શકાશે. રાજ્ય સરકાર પાણી વપરાશકારોના મંડપને યોગ્ય ગણે તેવી નહેર અધિકારીની સત્તા વાપરવા માટે અને તેની ફરજો વધારવા માટે મંડળના હોદ્દેકારો નિમવા માટેનો અધિકાર-સત્તા આપી શકશે. તેમજ હુકમનો વિસ્તાર પણ નિદિષ્ટ કરી શકાશે.

## શબ્દાવલી - ૪૯૯૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | | ૪ |
| | ■ | ■ | ૫ | | | ■ | |
| ૬ | ૭ | ૮ | ■ | ■ | ૯ | ૧૦ | ■ |
| ■ | ૧૧ | | ૧૨ | ■ | ■ | ૧૩ | |
| ૧૪ | ■ | ■ | ૧૫ | ૧૬ | | | ■ |
| ૧૭ | ૧૮ | ■ | ૧૯ | | ■ | ■ | ૨૦ |
| ૨૧ | | | ■ | ૨૨ | | ■ | |
| ૨૩ | | ■ | ૨૪ | | ■ | ૨૫ | |

### આડી ચાવી

૧. ગંદકી (૪)
૩. ધવાયેલ (૩)
૫. ખેલ, રમવું તે (૩)
૬. ગીત-સંગીતની પ્રેક્ટીસ (૩)
૯. વ્હીકલ ચાલુ કરવા... મરાય છે (૨)
૧૧. એક પ્રકારનું લીલુ ખાણ (૩)
૧૩. ડફલી, એક વાદ્ય (૨)
૧૫. કડકાઈ, સખત વલણ (૪)
૧૭. સત્ત્વ, સાર (૨)
૧૯. કોઈ પણ ખાવાની ચીજ (૨)
૨૧. બઢતી (૩)
૨૨. હાથ બનાવટનું કાપડ (૨)
૨૩. ઘા મટવા આવે તે, ... આપવી (૨)
૨૪. ૨૦ કિલો = ૧... મણ (૨)
૨૫. છરી-ચપ્પુને... કાઢવી પડે (૨)

### ઊભી ચાવી

૧. શેરડી, સાંઠો (૩)
૨. ભય (૨)
૩. ક્રૂર, ખાયકી (૩)
૪. ટેવ, કુટેવ (૨)
૭. મિત્ર, દોસ્ત (૨)
૮. ન્યાયાધીશ (૨)
૧૦. પાસે પૈસા ના હોય ત્યારે આજકાલ... ચાલે છે કહેવાય (૩)
૧૨. દાળ-શાકમાં નંખાતા ખાટા ફળ કે તેના ફુલ (૩)
૧૪. યોજના બનાવવી, ષડયંત્ર (૪)
૧૬. ધમાલ, યુધ્ધ (૪)
૧૮. દેવું, દેણું (૩)
૨૦. હોઠ, લબ (૩)

### શબ્દાવલી ૪૯૯૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) માંડમાંડ (૪) દિલાસો (૬) સગડ (૭) ખુલાસો (૯) પક્ષી (૧૦) ચડભડ (૧૧) ગણ (૧૨) પડદો (૧૩) વેચાઉ (૧૫) તલવાર (૧૮) ચિપીયો (૧૯) રતલામી

**ઊભી ચાવી :-** (૧) માંડવી (૨) માંસભક્ષી (૩) ડગ (૫) લાભાલાભ (૭) ખુડદો (૮) સોડ (૯) પણ (૧૦) ચડઉતર (૧૧) ગલીપચી (૧૨) પચા (૧૩) વેતિયો (૧૪) પવાલા (૧૬) લત (૧૭) રમી

## ટૂકડા કરી નાખ્યા..

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ક્રૂર હત્યાનો ભેદ ઉકેલાયો છે. ગઈકાલે પોલીસે પોતાની માસુમ દિકરી અને પત્નિ બન્નેની નિર્મમ હત્યા કરીને ભાગી જુનાર એસ.આર.પી. જવાનની ધરપકડ કરી લઈ કોર્ટમાં રજુ કરતાં કોર્ટે સઘન પુછપરછ માટે ૭ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

## રેલમાર્ગનું વિદ્યુતિકરણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે પાટણ, મહેસાણા અને આબુરોડ સહિતની ૨૪ ટ્રેઈનો વાયા ગાંધીનગર દોડાવવાની રજૂઆતો સંદર્ભે પણ કોઈ પગલા લેવાયા નથી. કેપીટલ સ્ટેશનના વિકાસ માટે સતત પ્રયત્નશીલ શહેર વસાહત મહામંડળ દ્વારા પણ આ મામલે રેલમંત્રાલયનો હજારો પત્રો લખી રૂટની ટ્રેઈનોને વાયા ગાંધીનગર લઈ જવા અનેકવાર રજૂઆત કરવામાં આવી છે. આવા સંજોગોમાં જાહેર થતા પ્રતિ રેલ બજેટ દરમિયાન કેપીટલ સ્ટેશનને નવી ટ્રેઈનો ફળવાય તે તરફ સૌ કોઈની મીટ મંડરાયેલી હોય છે. ગત બજેટમાં પણ આણંદ મેમુ ટ્રેઈન ફાળવવા સિવાય ગાંધીનગરને ઠેંગો દેખાડી દેવાયો હોવાનો જનઆક્રોશ પ્રબળ બન્યો હતો. રેલમંત્રી પવનકુમાર બંસલે આજે જાહેર કરેલા રેલવે બજેટ-૨૦૧૩-૧૪માં ગાંધીનગરના રેલમાર્ગનું વિદ્યુતિકરણ કરવાની યોજના જાહેર કરી છે. જેમાં વિદ્યુતિકરણ હેઠળ ખૂટતા રૂટનું જોડાણ કરાશે. ખોડીયારબ્રિજથી ગાંધીનગર અને ગાંધીનગરથી કલોલ વચ્ચેના ટ્રેકને અનુલક્ષી વિદ્યુતિકરણનું કામ હાથ ધરવા બજેટમાં મંજુરી આપવામાં આવી છે. જો કે કેપીટલ સ્ટેશનને નવી ટ્રેઈન સેવા ઉપલબ્ધ કરાવવાના મામલે હજુ બજેટની જોગવાઈ મુજબ, વિશેષ ચિત્ર સ્પષ્ટ થયું નથી પરંતુ રેલવે વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર બજેટ દરમિયાન જાહેર કરાયેલી અમદાવાદ-જોધપુર ટ્રેઈન વાયા ગાંધીનગર થઈને દોડાવાય તેવી સંભાવના છે. અલબત્ત કેપીટલ સ્ટેશનના ફાળે નવી એક ટ્રેઈન આવે તેવી સંભાવના છે.

## પ્રથમ બેઠક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પસંદગી થાય છે તેને લઈ રાજકીય ઉત્તેજનાઓ છવાયેલી છે. જો કે ભારતીય જનતા પક્ષની જિલ્લાની નેતાગીરી હજુ કંઈ આ મુદ્દે બોલવા તૈયાર નથી.

મળતા નિર્દેશો પ્રમાણે તાલુકા પંચાયતના પ્રમુખની પસંદગી અંગે નિરીક્ષકો આવશે અને તેમના અહેવાલ બાદ પાર્લામેન્ટરી બોર્ડમાંથી પ્રમુખની પસંદગીને આખરી ઓપ આપવામાં આવશે. આ ઉપરાંત તાલુકા કારોબારી સમિતિના ચેરમેન, ઉપપ્રમુખ તરીકેની પસંદગી પણ કોની થાય છે તેને લઈ સભ્યોએ પોતપોતાનું લોબીંગ શરૂ કરી દીધુ છે.

## બાળક ચગદાયું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ રહેતા રાજેશ રઘુનાથસિંહ સિંઘે જગુઆર કાર નં. જીજે-૫-જે.સી-૯૫૧૨ સ્ટાર્ટ કરીને કાર રીવર્સ લગાવી..! પાછળ રમી રહેલા ૧૯ માસનાં શ્રમિકનાં કુમળા બાળક પર ધ્યાન ન પડતા બાળક પર કારનું પાછળનું ટાયર ફરી વળ્યુ હતું. અને ચગદાઈ ગયેલા બાળકની એક જ ચીસ સાથે સમગ્ર વિસ્તારમાં સન્નાટો છવાઈ ગયો હતો. વસંત ગજેરા તથા ડ્રાઈવર બાળક અને તેની માતાને કારમાં બેસાડીને હોસ્પિટલ લઈ ગયા હતા પરંતુ બાળકને મૃત જાહેર કરતાં ડ્રાઈવર ગભરાઈ ગયો હતો અને હોસ્પિટલમાંથી છટકી ગયો હતો. સે. ૭ પોલીસે કારના ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરીને તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

**કોમ્યુનિકેશન એન્ડ કેપેસીટી ડેવલપમેન્ટ યુનિય (સીસીડીયુ)**

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા

(ગુ.પા.પુ. અને ગ.વ્યા. બોર્ડ)

ગ-રોડ, સેક્ટર-૧૫, ગાંધીનગર.

**ટુંકી મુદતની જાહેર નિવિદા**

**પ્રિન્ટીંગ અને બાઈન્ડીંગ કામ અંગે**

કાર્યપાલક ઈજનેરશ્રી (સીસીડીયુ) કોમ્પ્યુનિકેશન એન્ડ કેપેસીટી ડેવલપમેન્ટ યુનિટ, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫ 'ગ' રોડ, ગાંધીનગર દ્વારા પ્રિન્ટીંગ અને બાઈન્ડીંગ કામના કોન્ટ્રાક્ટ આપવાના કામ માટે રસ ધરાવતા ઠેકેદારો કે જેઓ પોતાની પ્રિન્ટીંગ પ્રેસમાં ફોર કલર ઓફસેટ પ્રિન્ટીંગ મશીન ધરાવતા હોય (કોરા ટેન્ડર લેતી વખતે આ બાબતનો પુરાવો રજૂ કરવાનો રહેશે) તેવા ઠેકેદાર પાસેથી ભાવો માંગવામાં આવે છે. ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૭-૩-૨૦૧૩ છે. અને ટેન્ડર સીલબંધ કવરમાં અત્રેની કચેરીને તા. ૧૪-૩-૨૦૧૩ના રોજ ૧૭.૦૦ કલાક પહેલા ફક્ત આર.પી.એ.ડી.થી મળી જાય તે રીતે મોકલવાના રહેશે. ટેન્ડર ફી રૂ. ૩૦૦/- રોકડમાં અથવા ડીડી દ્વારા સ્વીકારવામાં આવશે. આ અંગેની વિસ્તૃત વિગતો અને શરતોની માહિતી ઉપરોક્ત કચેરી પરથી ઓફીસ સમય દરમિયાન સંબંધકર્તાઓએ મેળવવાની રહેશે અને તે સર્વેને બંધનકર્તા રહેશે.

**માહિતી/૨૩૧૬/૧૨-૧૩**

**રી ઈ ટેન્ડરીંગ જાહેર નિવિદા**

**વર્ષ - ૨૦૧૨-૧૩**

**ગાંધીનગર મહાનગરપાલિકા**

**બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર**

આથી રસ ધરાવતી અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ગાંધીનગર મહાનગરપાલિકાના (પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ) ઝોન વિસ્તારોમાં ડોર/ગેટથી વેસ્ટ કલેક્ટ કરી સુચિત સાઈટ / ડિસ્પોઝલ સાઈટ સુધી વહન કરી કચરાના બંધ બોડીના વાહનો દ્વારા ઘન કચરાના નિકાલની બે વર્ષ માટેની કામગીરી કરવાના પુનઃ ભાવો n.procure.comની સાઈટ પર ઓનલાઈન મંગાવવામાં આવે છે. રસ ધરાવનાર પેઢીઓએ n.procure.comની સાઈટ પરથી ટેન્ડર ડૉક્યુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઈન 'પ્રાઈઝ બીડ' ભરવાના રહેશે.

| | | |
|---|---|---|
| ટેન્ડર ફી | : | ટેન્ડર ફોર્મ ફી રૂ. ૧૨,૦૦૦/- |
| અર્નેસ્ટમની ડીપોઝીટ | : | રૂ. ૫,૦૦,૦૦૦/- |
| સીક્યોરીટી ડીપોઝીટ | : | રૂ. ૧૨,૦૦,૦૦૦/- |
| ટેન્ડર અપલોડ કરવાની તારીખ | : | ૨૬/૨/૨૦૧૩થી ૧૮/૩/૨૦૧૩ છે |
| પ્રિ-બીડ મિટીંગની તારીખ | : | ૬/૩/૨૦૧૩ સમય ૧૪-૦૦ કલાકે |
| ટેન્ડર ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ | : | ૧૮/૩/૨૦૧૩ |
| ટેકનીકલ બીડ મોકલવાની છેલ્લી તારીખ | : | ૨૫/૩/૨૦૧૩ બપોરના ૪-૦૦ કલાક સુધી |
| ટેન્ડર ઓનલાઈન ખોલવાની તારીખ | : | ૨૮/૩/૨૦૧૩ |
| ટેન્ડર મોકલવાનું સરનામું | : | મ્યુનિસિપલ કમિશનર<br>ગાંધીનગર મહાનગરપાલિકા<br>બહુમાળી ભવન, પ્રથમ માળ-૩૦૨૦૧૧<br>ફોન નંબર : ૦૭૯-૨૩૨ ૨૦૪૪૦ |

**સ્થળ : ગાંધીનગર**
**તા. ૨૫/૨/૨૦૧૩**
**માહિતી/૨૩૦૭/૧૨-૧૩**

**સહી/-**
**મ્યુનિસિપલ કમિશનર**
**ગાંધીનગર મહાનગરપાલિકા**

**ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લીમીટેડ, ગાંધીનગર**

**ટેન્ડર નોટીસ**

આથી લાગતા વળગતા ઠેકેદારોને જણાવવાનું કે, કાર્યપાલક ઈજનેરશ્રી ગુજરાત જળ સંપત્તિ વિભાગ, અમદાવાદ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર વાસણા બેરેજ, વાસણા, અમદાવાદ તરફથી નીચે જણાવેલ ચેકડેમોના આર.સી. સ્ટ્રક્ચરના બાંધકામને તોડીને નિકાલ કરવાનો છે. જેમાં તેને તોડીને તેમાંથી નીકળતો લોખંડ (ખીલાસરી)નો ભંગાર તેમજ કોંક્રીટનો જથ્થો ઠેકેદારે પોતાના ખર્ચે નિકાલ કરવાનો રહેશે. ચેકડેમ તોડવાનો ખર્ચ બાદ કરતાં લોખંડ (ખીલાસરી)ના ભંગારની ઉપજાઉ કિંમત રૂ. ૧૬૭૯૧૯/- થાય છે. જેની ૧૦ ટકા બાનાની રકમ રૂ. ૧૬૭૯૨/- થાય છે. સદર કામ માટે સ્પર્ધાત્મક ભાવો નિયત ભાવ પત્રકમાં મંગાવવામાં આવે છે. ટેન્ડર કોપીની ફી રૂ. ૬૦૦/- રોકડા ભરેથી ઉપર જણાવેલ કચેરીએથી તા. ૨૫/૨/૨૦૧૩ થી તા. ૧૧/૩/૨૦૧૩ બપોરના ૧૬.૦૦ કલાક સુધી ઈસ્યુ કરવામાં આવશે. ભરેલ ટેન્ડર પરત કરવાની છેલ્લી તારીખ ૧૬/૩/૨૦૧૩ સમય ૧૭.૦૦ કલાક સુધી, ટેન્ડર ખોલવાની તારીખ ૧૮/૩/૨૦૧૩ સમય ૧૨.૦૦ કલાકે બાનાની રકમ પેટે રાષ્ટ્રીયકૃત / શીડ્યુલ બેંકનો ડી.ડી. / એફ.ડી.આર. કા.ઈ. ગુ.જ.સં.વિ. અમદાવાદના નામનો જમા કરાવવાનો રહેશે. વધુ વિગત માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com તથા નિગમની વેબસાઈટ www.gwrdc.gujarat.gov. તથા ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ ઉપર પણ જોવા મળશે.

**ચેકડેમની વિગત**

| અ.નં. | ચેકડેમ | તાલુકો | જીલ્લો | નદીનું નામ |
|---|---|---|---|---|
| ૧ | બાબરા | દહેગામ | ગાંધીનગર | ખારી |
| ૨ | પાલુંદરા | દહેગામ | ગાંધીનગર | મેશ્વો |
| ૩ | મગોડી | ગાંધીનગર | ગાંધીનગર | ખારી |
| ૪ | વડોદરા | ગાંધીનગર | ગાંધીનગર | ખારી |
| ૫ | ઘડી | પ્રાંતિજ | સાબરકાંઠા | ખારી |
| ૬ | કેશરપુરા | પ્રાંતિજ | સાબરકાંઠા | ખારી |
| ૭ | લાલપુર | પ્રાંતિજ | સાબરકાંઠા | ખારી |
| ૮ | લાલીની મુવાડી | તલોદ | સાબરકાંઠા | મેશ્વો |
| ૯ | પાટીયો | ધનસુરા | સાબરકાંઠા | વાત્રક |

**ક્રમાંક/સંમાનિ/૧૯૬૪/૨૦૧૩**